જા.નં./RMSA/ખાસ ઝુંબેશ /ઓનલાઈન /૨૦૨૧/15576

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૪/૧૧/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જી.સુરત

ELECTION IMMEDIATE

"મજબૂત લોકશાહી
સૌની ભાગીદારી"

ફોન નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૦૦
ફેક્સ નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૬૫
ઈ-મેઈલ : dydcosuratoffice@gmail.com

## કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત

ચૂંટણી શાખા, પહેલો માળ, બી-બ્લોક, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

નં.ચટણ-૩/મતય/ખાસ ઝુંબેશ/ઓનલાઈન કામગીરી/૨૦૨૧ તા.૨૩/૧૧/૨૦૨૧

પ્રતિ,
(૧) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક સમિતી, સુરત.
(૨) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.
(૩) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

વિષય : મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત ખાસ ઝુંબેશના દિવસોએ શાળા ખુલ્લી રાખવા તથા નાગરિકોને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે જરૂરી સવલત પુરી પાડવા બાબત

ઉપરોકત વિષયે જયભારત સહ જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરેલ મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત આગામી તા.૨૭/૧૧/૨૦૨૧ તથા તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ તમામ મતદન મથકો પર ખાસ ઝુંબેશ યોજી નાગરિકોના હકક દાવા સ્વીકારવાના છે અને મહત્તમ હકકદાવાઓ ઓનલાઈન સ્વીકારવાના છે.

આ અન્વયે નાગરિકો મતદારયાદીમાં નામ દાખલ, કમી કે સુધારા ઓનલાઈન કરી શકે તે માટે તેઓને જરૂરી સવલત મતદાન મથક લોકેશન પર ઉપલબ્ધ કરાવવી આવશ્યક છે. આ માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(૧) આ ખાસ ઝુંબેશના બન્ને દિવસોએ મતદાન મથક તરીકે નિયુકત થયેલ તમામ શાળાઓ ખુલ્લી રખાવવી તથા તા.૨૭/૧૧/૨૦૨૧ ના રોજ શાળા ચાલુ હોય તો બી.એલ.ઓ. તરીકે નિમણુંક આપેલ સ્ટાફને શૈક્ષણિક કાર્યમાંથી મુકિત આપવી.

(૨) નાગરિકોને ઓનલાઈન નોંધણી માટે આ શાળાઓમાં કોમ્પ્યુટર ધરાવતો રૂમ ખુલ્લો રખાવી કોમ્પ્યુટરના જાણકાર કર્મચારીને હાજર રાખવવા.

ઉપર મુજબની સુચના સંબંધિત તમામ શાળાઓના આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી આપવા વિનંતી છે.

અધિક જીલ્લા ચૂંટણી અધિકારી
સુરત

નકલ રવાના :
(૧) મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ
(૨) મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ), જિ. સુરત તરફ